ખેરાલુ જિ.મહેસાણા ખાતેની વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી શાળા માટેનુ મહેકમ, ફરનીચર તેમજ છાત્રાલયનો ખર્ચ મંજૂર કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક.પ્રભાગ)
ઠરાવ ક્રમાંક:-અનશ/૧૨૮૯/અ.બા.૧૨(૩)/ગ.
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૧૫-૧-૯૨

વંચાણમાં લીધા:-

૧. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:-અનશ/૧૨૮૯/અ.બા.૧૨(૨)/ગ. તા.૧૬-૫-૯૧.
૨. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, આદર્શ નિવાસી શાળાઓ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:-સક/અનશ/વહટ/૨/૯૧-૯૨/૪૭૪૬/ તા.૧૧-૬-૯૧.

ઠરાવ :-

વિકસતી જાતિના માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓને સારુ શિક્ષણ મળી રહે અને તેમનુ શિક્ષણનુ સ્તર ઉચુ લાવવાના હેતુથી ૧૯૯૦-૯૧ના વર્ષમાં રાજ્યમાં વિકસતી જાતિ માટે પાંચ નવી સરકારી આદર્શ નિવાસી શાળાઓ જુદા જુદા જિલ્લાઓમાં શરુ કરવાનુ ઠરાવેલ છે. તે પૈકી ખેરાલુ, જિ.મહેસાણા ખાતે વિકસતી જાતિની એક નિવાસી શાળા તા.૪-૨-૯૧થી શરુ કરવામાં આવેલ છે. આ નિવાસી શાળાના વર્ગો, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, શાળા માટે ફર્નીચર તેમજ છાત્રાલયનો સ્ટાફ આમુખમાં દર્શાવેલ તા.૧૬-૫-૯૧ના ઠરાવથી મંજુર કરવામાં આવેલ છે. પરંતુ આમુખ-૨ માં દર્શાવેલ ખાસ ફરજ પરના અધિકારીશ્રી તા.૧૧-૬-૯૧ના પત્રથી મહેકમ ઓછુ હોવા અંગે તથા છાત્રાલયનો અન્ય ખર્ચ પણ ઓછુ મંજુર થયા અંગે રજૂઆત કરતા આ અંગે વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આમુખમાં દર્શાવેલ તા.૧૬-૫-૯૧ના ઠરાવમાં જણાવેલ મહેકમ સિવાયનુ વધારાનુ મહેકમ તથા છાત્રાલયોનો અન્ય ખર્ચ નીચે મુજબ મંજુર કરવાનો નિર્ણય લીધેલ છે.

JAN 1992

...૨.....

આજે મિ. શ્રી સાથે ચર્ચા કરી
છાત્રાલયો માટે પણ નિયમ
પ્રમાણેનો સ્ટાફ મંજૂર થાય
તે માટે સરકારમાં દરખાસ્ત

## છાત્રાલય માટેનુ મહેકમ :-

આદર્શ નિવાસી શાળાના છાત્રાલય માટે માનદ્વેતન તથા ફીકસ વેતનવાળા સહિત કુલ-૩નુ નીચે મુજબનું મહેકમ પ્રથમ તબકકે તા.૨૮-૨-૯૧ સુધીના સમય માટે અગાઉ મંજુર કરવામા આવેલ છે.

| ક્રમ. | જગ્યાનુ નામ. | પગાર ધોરણ. | સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | એકાઉન્ટન્ટ | ૧૪૦૦-૨૬૦૦ | ૧ |
| ૨. | વીઝીટીંગ ડોકટર | માસિક રુ.૧૫૦/- માનદ્ વેતન. | ૧ |
| ૩. | ધોબી(કોન્ટ્રાકટથી) | માસિક રુ.૪૦૦/- ફીકસ વેતન. | ૧ |
| | | કુલ | ૩ |

ઉપર જણાવ્યા પ્રમાણે એકાઉન્ટન્ટની જગ્યા રદ કરી તેના બદલે સીનીયર કલાર્કની એક જગા રુ.૧૨૦૦-૨૦૪૦ના પગાર-ધોરણમા મંજુર કરવામા આવે છે. તથા વધારાનુ નીચે મુજબનું મહેકમ પ્રથમ તબકકે તા.૨૯-૨-૯૨ સુધીના સમય માટે આથી મંજુર કરવામા આવે છે.

| ક્રમ. | જગ્યાનુ નામ. | પગાર ધોરણ. | સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | રસોયા(વર્ગ-૪) | રુ.૭૭૫-૧૦૨૫ | ૧ |
| ૨. | હમાલ(વર્ગ-૪) | રુ.૭૫૦-૯૪૦ | ૧ |
| | | કુલ:- | ૨ |

અગાઉ છાત્રાલયનો અન્ય ખર્ચ બે માસ માટે નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ. | ખર્ચ કરવાનુ હોય તેની વિગત. | વિધાર્થીદીઠ અંદાજીત ખર્ચ (રુ.માં) | વિધાર્થીઓની સંખ્યા. | કુલ અંદાજીત ખર્ચ. |
|---|---|---|---|---|
| ૧. | ભોજનખર્ચ(માસિક) | ૨૨૫-૦૦ | ૪૦ | ૧૮,૦૦૦/- |
| ૨. | સ્ટેશનરી(વાર્ષિક) | ૫૦-૦૦ | ૪૦ | ૨,૦૦૦/- |
| | | | કુલ રુ. | ૨૦,૦૦૦ |

....૩......

ઉપર જણાવ્યા પ્રમાણેના ખર્ચના બદલે હવે નીચે મુજબનું ખર્ચ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ. | ખર્ચ કરવાનો હોય તેની વિગત. | વિદ્યાર્થીદીઠ અંદાજીત ખર્ચ (રૂ.માં) | વિદ્યાર્થીઓની સંખ્યા. | કુલ અંદાજીત ખર્ચ. (રૂ.માં) |
|---|---|---|---|---|
| ૧. | ભોજન ખર્ચ(માસિક) | ૨૫૦ | ૪૦ | ૧,૦૦,૦૦૦/- (દસ માસના) |
| ૨. | સ્ટેશનરી (વાર્ષિક) | ૧૦૦ | ૪૦ | ૪,૦૦૦ |
| ૩. | ગણવેશ(વાર્ષિક જોડી) | ૨૫૦ | ૪૦ | ૧૦,૦૦૦ |
| | | | કુલ | રૂ.૧,૧૪,૦૦૦/- |

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના ક્રમાંક માં.ક્ર-૧૧૮૬-મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિ,અનુ.આદિવાસી અને અન્ય પ.વર્ગોનું કલ્યાણ-પે.મુ.સદર-૦૩-સા.અને શૈ.પ.વર્ગોનું કલ્યાણ-ગૌણ સદર-૨૭૭-શિક્ષણ-પેટા સદર-બીસી કે-૨૧ વિકસતી જાતિઓ માટે નિવાસી શાળાઓ(પ્લાન)" ખાતે પાડવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તા.૩૦-૧૧-૯૧ તથા સચિવશ્રી (ખર્ચ),નાણા વિભાગની તા.૫-૧-૯૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)
કે.સી.પટેલ
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,વિકસતિ જાતિ કલ્યાણ ખાતું,ગુ.રા.,ગાંધીનગર.
ખાસ ફરજ પરના અધિકારીશ્રી,આદર્શ નિવાસી શાળાઓ,ગાંધીનગર.

નકલ રવાના:-
માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગત સચિવશ્રી,
માનનીય મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અગત સચિવશ્રી,
માનનીય મંત્રીશ્રી (સ.ક.)ના અગત સચિવશ્રી,
માનનીય સંસદીય સચિવશ્રી(સ.ક.)ના અગત સચિવશ્રી,
નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
શિક્ષણ વિભાગ સચિવાલય,ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ((પ્લાન),સચિવાલય,ગાંધીનગર.
આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
[illegible] વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી,સ.ક.વિ., સચિવાલય,ગાંધીનગર.
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર, ગાંધીનગર.